**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૯૪ ટકા

# શહેરમાં કેવડાત્રીજના પૂજાપાની ધૂમ ખરીદી

## પાર્વતીને શણગારરૂપી સામાન-બંગડી, બિન્દી, સિંદૂર, ચૂંદડી, લાલ રિબન, અલતો, મહેંદી, અરીસો વગેરેની છાબડીઓ ખરીદતી બહેનો

ગાંધીનગર, તા.૮
આજે કેવડાત્રીનું વ્રત છે. સનાતન ધર્મમાં પરિણિત સ્ત્રી પતિના લાંબા આયુષ્ય માટે કેવડા ત્રીજનું વ્રત રાખે છે. હરતાલિકા ત્રીજ એટલે કે કેવડા ત્રીજના દિવસે બહેનો આખો દિવસ નિરાહાર રહીને આ વ્રત કરે છે. આ સાથે જ સ્ત્રી આખો દિવસ નર્જળા વ્રત રાખે છે. આ વ્રત કરનારી બહેનો ત્રીજ પર માતા પાર્વતીને પરિણિતાનો સામાન બંગડી, બિન્દી, સિંદૂર, ચૂંદડી, લાલ રિબન, અલતો, મહેંદી, અરીસો, કાંસકો અને વસ્ત્ર પણ અર્પણ કરે છે.

શહેરમાં બજારોમાં ઘણી બધી જગ્યાએ આ છાબડીઓ અને પૂજાપાના સમાનની ખરીદી બહેનો દ્વારા કરવામાં આવી હતી. જેમાં આ દરેક સામાન ભરીને છાબડીઓ બનાવીને બજારમાં વેપારીઓએ સુંદર સજાવટ કરીને મુકી હતી. જે એક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આમ, તો ગુજરાતીઓ માટે તહેવારો અને ઉપવાસ તથા વ્રતની પરંપરા વધારે મહત્વ ધરાવે છે. તેથી બજારોમાં વ્રતની પૂજા માટેની




વિવિધ સામગ્રીઓ મોટા ભાગના વેપારીઓ રાખતા જ હોય છે પરંતુ કેવડા ત્રીજ માટે અલગથી છાબડીઓ બનાવીને તેમાં પૂજાપાનો બધો જ સામાન મુકીને વેચાણ માટે મુકવામાં આવ્યો હતો.

સેકટર-૨૧, ૨૪ અને ૭ના બજારોમાં કેવડા ત્રીજ માટેનો પૂજાપો લેવા માટે વ્રત કરનારી બહેનોએ ખરીદી અર્થે નીકળતા ગઈકાલે બજારોમાં વધારે ભીડ જોવા મળી હતી. કેવડા ત્રીજની પૂજાપાની છાબડીઓ બજારોમાં ૬૦ રૂપિયામાં વેચવામાં આવી રહી છે. જેમાં પાન, ફુલ, ધતુરાના ફૂલ, ગુલાબના ફૂલ, કપૂરી પાન વગેરે મુકવામાં આવે છે.

કેવડા ત્રીજના એક દિવસ પહેલા વિવાહિત સ્ત્રીઓ પોતાના હાથોમાં મહેંદી મુકે છે. ભગવાન શિવની કેવડાથી પૂજા કરે છે. કેવડો સુંઘીને શિવજીનું સ્મરણ કરે છે. આમ, આજે સ્ત્રીઓ ભકિતભાવથી કેવડાત્રીજની ઉજવણી કરીને શિવ પાર્વતીની પૂજા કરી પાર્વતીને સૌભાગ્યવતીનો શણગાર ચડાવવામાં આવશે.

# શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીકમાં ખાણી-પીણી મહોત્સવ યોજાયો





ગાંધીનગર, તા.૮
શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે ચેરિટી માટે ખાણી પીણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ સંસ્થામાં નજીવા ટોકન કિંમતે પાણી પુરી, બાસ્કેટ ચાટ, મોકટેલ, સેન્ડવિચ, ભેળ, વડાપાઉ, કોથમીર વડા, મોમોસ વગેરેના ખાણી પીણીના સ્ટોલ ઊભા કર્યા હતા. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ આ સ્ટોલ પરથી જુદી જુદી સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો અને આ સ્ટોલ કરવાથી મળેલી રકમની પૂરેપૂરી રકમ વિદ્યાર્થીઓએ ચેરિટી માટે દાનમાં આપી હતી.

આજ સપ્તાહ ની ઉજવણી ના ભાગ રૂપે આજે પ્રાચીન રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક વિદ્યાર્થી નજીવા ટોકનથી પ્રાચીન રમતો રમી શકશે જેની તમામ રકમ ચેરિટી અર્થો ગરીબ તેમજ જરૂરિયાતમંદોને દાન આપવામાં આવશે.

# બી.સી.એ. કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૮
કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી પી કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ વી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ માટે ૫૬ કરતાં વધારે વિદ્યાર્થીઓએ શિક્ષકદિન નિમિત્તે શૈક્ષણિક કાર્યની જવાબદારી નિભાવી હતી. હાલમાં કોરોનાની અસરને લીધે કોલેજોમાં શિક્ષણિક કાર્ય ઓનલાઈન અને ઓફલાઈન ચાલી રહ્યું છે ત્યારે શિક્ષકોની જેમ જ વિદ્યાર્થીઓએ વિવિધ ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને એક દિવસનું શૈક્ષણિક કાર્ય સંભાળ્યું હતું. શિક્ષક તરીકે તેઓએ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ આપ્યું હતું. દરેક વર્ગના વર્ગશિક્ષક દ્વારા શિક્ષક બનેલા વિદ્યાર્થીને આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું અને આજના દિવસે આવેલા પડકારોને જીવનભર પૂર્વકના અભ્યાસની જરૂરિયાત સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે દરેક ક્લાસમાંથી શ્રેષ્ઠ શિક્ષકને




યાદ રાખીને તેનો સકારાત્મક અભિગમ કેળવીને સામનો કરવાનું શીખવ્યું હતું. જેમાં તેઓએ શિક્ષક અને વિદ્યાર્થીઓને સંબંધો પર પ્રકાશ પાડતા વિદ્યાર્થીઓને ક્લાસ રૂમ ડિસિપ્લિન, વર્ગમાં હાજરીની જરૂરિયાત અને વિષયોના ઊંડાણ અલગ તારવવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડાયરેક્ટર પ્રો. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રધ્યાપકો દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું જેમાં તમામ વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.





સરકારની ગાઈડલાઈન મુજબ ધોરણ ૬ થી ૧૨ નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધોરણ ૬ થી ૧૨નું શૈક્ષણિક કાર્ય શરૂ થતા પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક આવ્યા હતા અને સાથે જ વાલીઓનો પણ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

# લાયન્સ કલબ ઓફ ફેમીના દ્વારા અનાજકીટનું વિતરણ




ગાંધીનગર, તા.૮
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સેકટર-૩૦માં આવેલ સરકારી શાળામાં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વિદ્યાર્થી ત્થા વિદ્યાર્થીનીઓને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ કલબ ઓફ ફેમીનાના પ્રમુખ વૈશાલી જોષી, મંત્રી અર્ચના દવે તેમજ સંસ્થાના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલડ્રન્સ યુનિ.ના તપોધન કેન્દ્ર દ્વારા ગર્ભ સંસ્કારનું પ્રશિક્ષણ



ગાંધીનગર, તા.૮
'માતા પોતે ઈચ્છે તેવા તેજસ્વી ગુણવાળા બાળકને જન્મ આપી શકે' તેવું ગર્ભસંસ્કારનું પ્રશિક્ષણ ચિલડ્રન્સ યુનિવર્સિટી ખાતે આપવામાં આવે છે. આ યુનિવર્સિટીના તપોવન કેન્દ્રોના માર્ગદર્શન થકી છેલ્લા બારેક વર્ષમાં ૪૦ હજાર તેજસ્વી બાળકોના જન્મ થયા છે. ચિલડ્રન્સ યુનિ.ના કુલપતિ હર્ષદ પ્ર. શાહે આ બાબતે વડનગર ખાતે માર્ગદર્શન આપ્યું હતું. વડનગરની વી.એન.એસ.બી.સી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શિક્ષકોનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. જેમાં ગર્ભ સંસ્કાર અંગેની માહિતી આપી હતી. પ્રાર્થના, ગીત, ધ્યાન, ગર્ભસંવાદ, શારીરિક વિજ્ઞાનનું જ્ઞાન, એકાગ્રતા, ભરતગૂંથણ વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેની બહુ સારી અસરો પ્રાપ્ત થઈ છે. ઉપરાંત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો સાથે જોડાયેલા શિક્ષકોને યુનિવર્સિટીના નિષ્ણાત ફેકલ્ટી દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

# પુત્રવધુ સાથે અણછાજતું વર્તન કરનાર શ્વસુર સહિત સાસરિયા વિરુદ્ધ ફરિયાદ

## કરિયાવરમાં ૪૧ તોલા દાગીના અને સવા લાખથી વધુ રોકડ લાવી છતાં સાસરિયાં વધુ દહેજ માટે દબાણ કરી શારિરીક ત્રાસ આપતાં હતાં

ગાંધીનગર, તા.૮
એક પરિણીતા માટે તેના શ્વસુર પોતાના પિતા સમાન હોય છે પરંતુ શ્વસુર જયારે પોતાની દિકરી સમાન પુત્રવધુ પર જ નજર બગાડે ત્યારે તે સ્થિતિ પુત્રવધુ માટે અસહ્ય બની જાય છે. ગાંધીનગરના સેકટર-૨૬માં એક પરિણીતાનો પતિ બહારગામ ગયો હતો ત્યારે ઘરમાં એકલતાનો લાભ ઉઠાવી તેના શ્વસુરે પરિણીતા સાથે અભદ્ર વર્તન કરતા તે હેબતાઈ ગઈ હતી અને પોતાના રૂમમાં પુરાઈ ગઈ હતી અને ત્યારબાદ તેણે સેકટર-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે જેમાં પરિણીતાએ પોતાના પતિ અને સાસુ-સસરા દ્વારા વારંવાર દહેજ માટે પણ દબાણ કરાતું હોવાની પણ રાવ નાંખી છે.

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે રહેતી ૨૩ વર્ષીય યુવતી બે વર્ષ પૂર્વે પાટનગરના સેકટર-૨૬માં રહેતા એક યુવાન સાથે લગ્નગ્રંથીથી જોડાઈ હતી. તેના લગ્નમાં પિતાએ દિકરીને ૪૧ તોલા દાગીના અને ૧.૨૭ લાખની રોકડ ઉપરાંત અન્ય સામાન પણ આપ્યો હતો. જોકે લગ્નના માત્ર ત્રણ જ માસ પછી સાસરિયાંઓએ તેની પાસે વધુ દહેજ લાવવાની માંગ શરૂ કરી દીધી હતી પિયરથી પાંચ લાખ રૂપિયા લઈ આવવાનું દબાણ કરવામાં આવતું હતું. આ માટે તેણી સાથે મારઝુડ પણ કરવામાં આવતી હતી અને છ માસ પછી તેને સાસરિયાંએ ઘરમાંથી કાઢી પણ મુકી હતી. પિયરમાં આવી ગયેલી પરિણીતા સાથે ગત ફેબ્રુઆરી માસમાં સાસરિયાંએ સામાજિક રીતે સમાધાન કર્યુ હતું જે સમયે પરિણીતાના પિતાએ જમાઈને અઢી લાખ રૂપિયા આપ્યા હતા જેથી તે સમયે દહેજનો મામલો શાંત પડી ગયો હતો. જોકે માત્ર ચાર પાંચ માસ પછી સાસરિયાંએ જમીન ખરીદવાનું બહાનું કાઢી પરિણીતા પાસે પિયરમાંથી દસ લાખ રૂપિયા લઈ આવવાની માંગણી કરતા પરિણીતાએ તેના પિતા હવે વધુ રકમ કેવી રીતે આપશે તેવું કહેતા પતિએ તેને માર મારી ગાળાગાળી કરી હતી. આ બાબતે તેણે માતાને વાત કરી હતી પરંતુ પિતાનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હોવાનું કહી માતાએ દીકરીને સાસરે રહેવા સમજાવી હતી.

પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત ઓગસ્ટ માસની ૨૬મી તારીખે પરિણીતાનો પતિ જ્યારે પોતાના કામ અર્થે નવસારી ગયો હતો અને તેની સાસુ બજારમાં ખરીદી કરવા માટે ગઈ હતી ત્યારે ઘરમાંનએકલતાનો લાભ ઉઠાવી તેના શ્વસુર રૂમમાં ધસી આવ્યાં હતા અને પરિણીતાનો હાથ પકડીને તેની છેડતી કરવા સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો. પિતા સમાન શ્વસુરની આવી અણછાજતી હરકતથી ડઘાઈ ગયેલી પુત્રવધુ જેમતેમ કરીને છટકીને બીજા રૂમમાં પુરાઈ ગઈ હતી. આ ઘટના અંગે પોતાની મા સમાન સાસુને વાત કરતા સાસુએ પણ ઘરની વાત ઘરમાં રાખવાની સલાહ આપી સમગ્ર પ્રકરણમાં ભીનું સકેલી લીધું હતું જ્યારે પરિણીતાના પતિએ પણ આ વાતને ગંભીરતાથી લીધી નહોતી. આ પછી પણ તેણીના પતિ તેમજ સાસુ-સસરાએ વધુ ત્રાસ આપવાનું શરૂ કરી દીધું હતું જેમાં તા.૩જી સપ્ટેમ્બરે સવારે રસોઈ બનાવવા બાબતે વાંધા-વચકા કાઢી પતિએ પરિણીતાને માર મારી ઘરમાંથી કાઢી મુકતાં તેના પિતા આવીને માણસા લઈ ગયા હતા. આ ઘટના અંગે સેકટર-૨૧ પોલીસ મથકમાં પરિણીતાના પતિ તેમજ સાસુ-સસરા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

# વ્રત અને તહેવારોની સાથે ફળોની માંગ વધી

## ફળોની ડિમાન્ડ વધવાથી વેપારીઓને નફો : તહેવારોમાં ફળોના ભાવ આસમાને

ગાંધીનગર, તા.૮
શ્રાવણ બાદ ભાદરવામાં પણ વિવિધ તહેવારો અને વ્રતનો મહિમા શરૂ જ છે. ત્યારે ઉપવાસમાં ખવાતી ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. વ્રતના કારણે ઉપવાસમાં સીઝનલ ફુટની માંગમાં વધારો થયો છે તે સાથે જ ફળના વેપારીઓએ તહેવારોમાં ફળોના ભાવ આસમાને પહોંચાડી દીધા છે.

| ફળોના નામ | કિંમત (પ્રતિ કિલો) |
| --- | --- |
| સફરજન | ૨૦૦ રૂ. |
| નાના સફરજન | ૧૨૦ થી ૧૪૦ રૂ. |
| જમરૂખ | ૮૦ રૂ. |
| બબુપોચા | ૧૦૦ રૂ.થી ૮૦ રૂ. |
| દાડમ | ૧૦૦ રૂ.થી ૧૪૦ રૂ. |
| મોસંબી | ૫૦ થી ૬૦ રૂ. |
| કેળા | ૪૦ રૂ. ડઝન |
| નાસપતી | ૧૦૦ રૂ. |
| સંતરા | ૧૦ થી ૧૪૦ રૂ. |

શ્રાવણમાં પણ ઉપવાસનો મહિમા હતો જેથી સૌથી વધારે



ડીમાન્ડ ફળોની રહેતી હતી. જયારે ભાદરવામાં પણ વિવિધ વ્રતો અને તહેવારો આવી રહ્યા છે. આજે કેવડા ત્રીજને ભાદરવો સુદ ત્રીજ, ભાદરવા સુદ ચોથે ગણેશ ચતુર્થી, વિનાયકી ચોથ, ભાદરવા સુદ પાંચમ ઋષિ પાંચમ ત્યારબાદ શીતળા સાતમ, ધરો આઠમ વગેરે એક પછી એક તહેવારો આવી રહ્યા છે. ત્યારે શહેરમાં ફળોના વેપારીઓને ખૂબ જ નફો થતો જોવા મળી રહ્યો છે. સૌથી વધારે ડીમાન્ડ ફળોની છે. જેથી વેપારીઓ પણ વધારે માત્રામાં ફળોનો ઢગલો કરીને મુકે છે. જેમાં સવારથી સાંજ સુધીમાં મોટા ભાગના ફળો વેચાઈ જાય છે.

# જન્મદિને વધામણી


**અરૂણાબેન ગજ્જર**
મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪


**હફ્સા બ્લોચ**
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯


**સુસ્મિતા ડામોર**
પત્રકાર
ગાંધીનગર સમાચાર


**વૈભવ ભગવાનસિંહ પરમાર**
મો. ૯૮૨૪૬ ૮૧૪૦૪


**પ્રીતિ ગડકરી**
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર ફેમીના


**મહર્ષ નિખીલભાઈ મોદી**
મો. : ૯૯૨૫૨૮૪૫૧૩


**ગર્વ જુગલકુમાર બ્રહ્મભટ્ટ**
મો. ૯૯૭૮૮ ૭૩૪૬૩


**દરજી દિલીપકુમાર બી**


**શિવરાજ યાદવ**
મો. ૬૩૫૫૧ ૫૪૨૮૦


**વિરેન કે પ્રજાપતિ**
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯


**વત્સલ પ્રજાપતિ**
મો. ૯૭૩૭૮ ૧૫૩૧૪


**ડેલ્વિના ગૌતમકુમાર અમીન**
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧


**સંજયકુમાર કે નાયી**
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭


**આશિષકુમાર ખેમચંદભાઈ નાયી**
મો. ૯૯૨૫૮ ૧૦૮૦૮

# સરકારી પ્રાથમિક શાળા સે-૩૦માં શિક્ષણ દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૮
સરકારી પ્રાથમિક શાળા સે-૩૦માં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ:૮ના વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને સમગ્ર દિવસ દરમિયાન પોતાની શિક્ષક તરીકેની ઉત્તમ ભૂમિકા ભજવી હતી અને વિદ્યાર્થીઓ જેઓ શિક્ષક બન્યા હતા તેમણે પોતાના અનુભવ રજૂ કર્યા હતા. શાળાના આચાર્ય કુમુદગૌરી ત્રિવેદીએ વિદ્યાર્થીઓને શિક્ષક બનવાની પ્રેરણા પુરી પાડી હતી.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચંપાવત મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ, ઉ.વ. ૪૩, પેથાપુર
- સ્વ. ઠાકોર સુરજબેન મણાજી, ઉ.વ. ૭૦, શિહોલીમોટી
- સ્વ. ચૌધરી બાબુભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૫૭, દોલારાણા વાસણા
- સ્વ. ચાવડા શોભારબા જુજારસિંહ, ઉ.વ. ૬૫, ચાંદીસણા, માણસા
- સ્વ. પટેલ ભીખાભાઈ ભગવાનદાસ, ઉ.વ. ૮૪, સેકટર-૨૩